| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૮/૧૦/૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૮/૧૦/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

**-:નમુનો-અ:-**

**મે.લાલપુરના એડિશનલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ**
**ચુકાદાની તા.૨૪/૦૩/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૧૯૧૫/૨૦૨૫**

| **ગુન્હાની વિગત** | |
|---|---|
| **ગુન્હાની કલમ** | ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૦૩ (૨) |
| **પ્રથમ માહીતી અહેવાલ નંબર** | પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૦૨૦૩૮૨૫૦૭૨૫/૨૦૨૫ |
| **પોલીસ સ્ટેશન** | મેઘપર પડાણા પો.સ્ટે. |
| **ફરીયાદીપક્ષ** | સરકારશ્રી |
| **ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી:** | વિ.એ.પી.પી.શ્રી એન.પી.જાની |
| **આરોપીપક્ષ** | **ધનશ્યામભાઈ સવજીભાઈ દુધાત**<br>ઉવ-૩૦ ધંધો-છુટક મજુરી<br>મુળગામ રહે- જંગવડ,<br>તા.જસદણ જી.રાજકોટ<br>હાલ રહે-રાજકોટ બસ સ્ટેશન પાસે<br>તા.જી.રાજકોટ |
| **આરોપી તર્ફે વિ.વ.શ્રી:** | વિ.વ.શ્રી એન.પી.બોડા |

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

## -:નમુનો-બ:-

| | |
|---|---|
| ગ્રુન્હાની તારીખ | ૧૮/૦૮/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૮/૦૮/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૮/૧૦/૨૦૨૫ |
| તહોમતનામું/ પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૫/૧૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | - |
| ચુકાદાની તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | - |

## -:આરોપીની વિગત-

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /દોષી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધનશ્યામભાઈ સવજીભાઈ દુધાત | ૧૭/૦૯/૨૫ | ૧૭/૦૯/૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૦૩ (૨) | નિર્દોષ | - | - |

## -:નમુનો-ક:-

## :: સાહેદો નુ લીસ્ટ ::

**અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો :**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૦૬ | રણજીતસિંહ મુળુભા ગોહીલ | ફરીયાદી |
| પી.૨ | ૦૯ | આદીત્યભાઈ રામકુભાઈ બાબરીયા | સાહેદ |
| પી.૩ | ૧૦ | મુકેશભાઈ રવજીભાઈ સોરઠીયા | પંચ સાહેદ |
| પી.૪ | ૧૧ | કરશનભાઈ કાનજીભાઈ સોરઠીયા | પંચ સાહેદ |

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

## ::દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ::

### અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૦૭ | ફરીયાદ |
| ડી.૨ | ૦૮ | કલોસીંગ પુરસીસ |

## ::-ઠરાવ-::

### ૧. ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત

આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા:-૧૮/૦૮/૨૦૨૫ ના કલાક રાત્રીના નવેક વાગ્યાથી તા:-૧૯/૦૮/૨૦૨૫ ના સવારના કલાક છ વાગ્યા દરમ્યાન નાયરા મટીરીયલ ગેટ સામે આવેલ જય માં આશાપુરા હોટલ પાસે ફરીયાદીનું કાળા કલરનું હિરો હોન્ડા કંપનીનું સ્પલેન્ડર મોટરસાયકલ રજી નં. જીજે ૧૦ સીજે ૯૩૪૫, કિંમત રૂ. ૩૦૦૦૦/- નુ પડેલ હોય, તે આરોપીએ અપ્રમાણીક ઈરાદાથી ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ આ અંગે ની ફરિયાદ ફરિયાદીએ આપતા જે અંગે ગુનો કર્યાનું ફલીત થતા આરોપી સામે મેઘપર પો. સ્ટે. માં નોંધાવેલ અને આરોપીને ધોરણસર અટક કરી કોર્ટ હવાલે કર્યા બાદ તપાસને અંતે પુરાવો આવતા હાલનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

### ૨. ફરીયાદ દાખલ થયા પછી કાર્યવાહી

ચાર્જશીટના આધારે આ કામના આરોપીને ધોરણસર સમન્સ કરતા આરોપી નામદાર અદાલત સમક્ષ હાજર રહેતા તેઓ ને તેમની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિ. પ્રો. કોડની કલમ-૨૦૭ પુરી પાડયાની ખાત્રી કરવામાં આવેલ છે અને આ કામના આરોપી સામે આંક-૩ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૦૩

(૨) મુજબનુ તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને ત્યારબાદ આરોપીનો આંક–૪ થી જવાબ લેતા જેમાં આરોપીએ પોતાની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા આ કામના આરોપી સામેની આગળની ન્યાયીક કાર્યવાહી ચલાવવામાં આવેલ.

## ૩. આરોપીનુ સી.આસ.પી.સી. કલમ–૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન

ફરીયાદ પક્ષના તમામ સાહેદોનો પુરાવો પૂર્ણ થયા બાદ રેકર્ડ પર આવેલ પુરાવા સંબંધે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ છે તેમાં આરોપી એ ફરીયાદપક્ષના તમામ આક્ષેપોને નકારેલા છે અને તેઓ સોગંદ પર જુબાની આપવા માંગતા નથી તેમ જણાવી વિશેષમાં તેઓ નિદોર્ષ હોવાની અને તેમની સામે ખોટી રીતે કેસ કરવામાં આવેલ હોવાનું જણાવી રહયા છે.

## ૪. દલીલ

ફરીયાદપક્ષે વિધ્વાન એ. પી. પી. શ્રી એન.પી.જાની દલીલ કરેલ છે જેમાં તેઓએ એવી દલીલ કરેલ છે કે, આ કામે પુરાવો જોતા આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર થતો હોય અને ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરેલો હોય જેથી આરોપીને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

સામાપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ દલીલો કરેલ છે જેમાં તેઓએ એવી દલીલો કરેલ છે કે, આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેવી દલીલો કરી આરોપીને નિર્દોષ ઠરાવવા અરજ ગુજારેલ છે.

**૫.** આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**::-મુદાઓ-::**

અ. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા:-૧૮/૦૮/૨૦૨૫ ના કલાક રાત્રીના નવેક વાગ્યાથી તા:-૧૯/૦૮/૨૦૨૫ ના સવારના કલાક છ વાગ્યા દરમ્યાન નાયરા મટીરીયલ ગેટ સામે આવેલ જય માં આશાપુરા હોટલ પાસે ફરીયાદીનું કાળા કલરનું હિરો હોન્ડા કંપનીનું સ્પલેન્ડર મોટરસાયકલ રજી નં. જીજે ૧૦ સીજે ૯૩૪૫, કિંમત રૂા. ૩૦૦૦૦/- નુ પડેલ હોય, તે આરોપીએ અપ્રમાણીક ઈરાદાથી ચોરી કરી લઈ જઈ ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૩૦૩ (૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

બ. શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો હવે પછથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**::-નિર્ણયો-::**

અ. નકારમાં.

બ. આખરી હુકમ મુજબ.

**::-કારણો-::**

**૭. પુરાવાનું પૃથ્થકરણ તથા મૂલ્યાંકન :**

ફોજદારી ન્યાય પ્રણાલીનો એક મુળભુત પાયાનો સિધ્ધાંત એવો છે કે આરોપી સામે આક્ષેપાયેલ કેસ "વાજબી શંકાથી પરે" સાબિત કરવાની સંપૂર્ણ જવાબદારી હરહંમેશા ફરિયાદ પક્ષની રહેલી છે.

આ સિદ્ધાંત ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની જોગવાઈઓમાં સ્પષ્ટપણે પ્રતિબિંબીત થાય છે.

ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧, ૧૦૨ અને ૧૦૩ માં તે અંગેની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

**ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧** પ્રમાણે, જે કોઈપણ વ્યક્તિ કોઈ હકીકતનો દાવો કરે છે, અને જે ઈચ્છે છે કે કોર્ટે કોઈપણ કાનૂની અધિંકાર અથવા જવાબદારીના સ બંધમાં આવા હકીકતના આધારે ચુકાદો આપે, તે વ્યકિત તે હકીકતને સાબિત કરવા માટે બંધાયેલ છે.

**ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૨** ની જોગવાઈ છે કે, **પુરાવાનો ભાર** (burden of proof) હંમેશાં એ વ્યક્તિ ઉપર હોય છે કે જે એક દાવો કરી રહી છે.

**ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૩** ની જોગવાઈ છે કે કોઈ ખાસ તથ્ય, બાબત પુરાવાનો ભાર એ વ્યક્તિ પર હોય છે જે કોર્ટને એ સાબીત કરે છે કે એ તથ્ય સાચું છે, સિવાય કે કોઈ કાયદો એવી ખાસ જોગવાઈ ન કરતો હોય કે એ તથ્ય સાબિત કરવાનો ભાર કોઈ ખાસ વ્યક્તિ પર છે.

**ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩** હેઠળની વ્યાખ્યાઓ મુજબ, જ્યારે કોર્ટ કોઈ હકીકતમાં વિશ્વાસ કરે છે અથવા તે હકીકતને માને છે કે કોઈ વ્યકિતએ, સંજોગોમાં, તે હકીકતના અનુમાન પર કાર્ય કરવું જોઈએ ત્યારે તેને "સાબિત" કહેવામાં આવે છે. જ્યારે કોર્ટ તેની સમક્ષના મુદ્દાઓ પર વિચાર કર્યા પછી એવું માને છે કે તે અસ્તિત્વમાં નથી, અથવા તેના અસ્તિત્વના અભાવને એટલું સંભવિત માને છે કે

કોઈ સમજદાર માણસે, સંજોગોમાં, તેના અસ્તિત્વના અનુમાન પર કાર્ય કરવું જોઈએ ત્યારે હકીકત "અસ્વીકાર્ય" કહેવાય છે. જ્યારે તે સાબિત કે અસ્વીકાર્ય ન હોય ત્યારે હકીકત "સાબિત થતી નથી" કહેવાય છે. આ વ્યાખ્યાઓ સ્પષ્ટ કરે છે કે, ફોજદારી કેસમાં, આરોપી સામે કથિત હકીકતો "સાબિત" થવાના સ્તર સુધી પહોંચવી જોઈએ; જો તે "સાબિત ન થાય" અથવા "અસ્વીકાર્ય" રહે, તો આરોપીને દોષિત ઠેરવી શકાતી નથી.

આ સિદ્ધાંતના ઐતિહાસિક મૂળ નીચે મુજબના કાયદામાં રહેલા છે.

**વૂલમિંગ્ટન વિરુદ્ધ ડાયરેક્ટર ઓફ પબ્લિક પ્રોસિક્યુશન [૧૯૩૫] એસી ૪૬૨** કેસમાં, વિસ્કાઉન્ટ સાન્કીએ જાહેર કર્યું કે ફોજદારી કાયદામાં હંમેશા એક "સોનેરી દોરો" વણાયેલો હોય છે – કે આરોપીના અપરાધને સાબિત કરવાનો ભાર હંમેશા ફરિયાદ પક્ષ પર રહે છે, અને જો કેસના અંતે કોઈ વાજબી શંકા રહે, તો આરોપીને દોષિત ઠેરવવો જોઈએ નહીં. ભારતીય ન્યાયશાસ્ત્રમાં આ સિદ્ધાંતને સંપૂર્ણપણે સ્વીકારવામાં આવ્યો છે.

**કાલી રામ વિરુદ્ધ હિમાચલ પ્રદેશ રાજ્ય (૧૯૭૩) ૨ એસસીસી ૮૦૮ : એઆઈઆર ૧૯૭૩ એસસી ૨૭૭૩ માં,** સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે જો પુરાવા બે મંતવ્યો ઉભો કરે છે – એક અપરાધ તરફ નિર્દેશ કરે છે અને બીજો નિર્દોષતા તરફ – તો હંમેશા નિર્દોષતાને અનુકૂળ દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ. ખાસ કરીને સંજોગોવશાત્ પુરાવા પર આધારિત કેસોમાં, સંજોગોની સાંકળ એટલી સંપૂર્ણ હોવી જોઈએ કે તે નિર્દોષતાની દરેક વાજબી શક્યતાને બાકાત રાખે છે.

**શિવાજી સહબ્રાવ બોબડે વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય, ૧૯૭૩ SCC (Cri) ૧૦૩૩ કેસ માં,** ન્યાયાધીશ વી. આર. કૃષ્ણ ઐયરે

અવલોકન કર્યું કે "વાજબી શંકાથી પર" નો અર્થ એ નથી કે દરેક નાની શંકા અથવા કાલ્પનિક અનુમાનને ધ્યાનમાં લેવું જોઈએ; ફક્ત વાજબી અને તર્કસંગત શંકાઓ જ આરોપીને ફાયદો પહોંચાડી શકે છે, જ્યારે અતાર્કિક અથવા કાલ્પનિક શંકાઓને કોર્ટમાં કોઈ સ્થાન નથી.

**યુ.પી. વિરુદ્ધ નરેશ (૨૦૧૧) ૪ SCC ૩૨૪ માં** સુપ્રીમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે સાક્ષીઓની સંખ્યા કરતાં જુબાનીની વિશ્વસનીયતા અને નિષ્પક્ષતા વધુ મહત્વપૂર્ણ છે, અને એક પણ વિશ્વસનીય અને દોષમુક્ત સાક્ષીની જુબાની દોષ સ્થાપિત કરવા માટે પૂરતી હોઈ શકે છે.

આમ, ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ ૩, ૧૦૧, ૧૦૨ અને ૧૦૩, અધિકૃત ન્યાયિક ઘોષણાઓ અને સ્થાપિત લેટિન સિદ્ધાંતો સાથે – e**i incumbit probatio qui dicit, non qui negat** (પુરાવાનો બોજ તેના પર રહે છે જે ખાતરી આપે છે, નકારનાર પર નહીં), **actori incumbit onus probandi** (દાવેદારે પુરાવાનો બોજ ઉઠાવવો જોઈએ), **presumptio innocenceiae** (નિર્દોષતાની ધારણા), અને **dubio pro reo** (શંકા હોય તો, આરોપીને અનુકૂળ અર્થઘટન અપનાવવું જોઈએ) – બધા એક જ અપરિવર્તનશીલ નિયમ તરફ વળે છે.

ફોજદારી ટ્રાયલમાં, ફરિયાદ પક્ષ તેના પોતાના કેસના બળ પર સફળ થવો જોઈએ, અને આરોપીનો દોષ એવી નિર્દોષ રીતે સાબિત થવો જોઈએ કે કોર્ટને કોઈ વાજબી શંકા ન રહે. જો આવી શંકા રહે, તો એકમાત્ર કાનૂની પરિણામ આરોપીને નિર્દોષ જાહેર કરવાનો છે.

ઉપરોક્ત ચર્ચા કર્યા બાદ હવે આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ફરિયાદપક્ષે નિશંકપણે પ્રરવાર કરેલ છે કે કેમ ? તેની ચર્ચા કરતા પહેલા

આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના તત્વો જણાવવામાં આવે તો તે નીચે મુજબ છે.

**૮. આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના તત્વો–**

આ કામે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૦૩ (૨) મુજબનો આક્ષેપ છે જેથી આ કામે આક્ષેપિત કલમ સંર્દભે નીચે મુજબની કાયદાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૦૩ (૨) ધ્યાને લેવામાં આવે તો,

**૮.૧) ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૦૩ (૨) ના ગુનાના તત્વો :**

- **મિલકત હોવી જોઈએ**
  કોઈ ચીજ (મોટરસાયકલ, મોબાઇલ, પૈસા વગેરે) જે કાયદેસર મિલકત ગણાય.
- **મિલકત ચોરી થયેલી હોવી જોઈએ**
  તે મિલકત મૂળ માલિક પાસેથી ચોરી અથવા ગુનાથી પ્રાપ્ત થયેલી હોવી જોઈએ.
- **આરોપી પાસે તે મિલકત મળવી જોઈએ**
  આરોપી પાસે તે ચોરાયેલી મિલકત મળી આવવી જોઈએ (possession).
- **જ્ઞાન અથવા શંકા હોવી જોઈએ (Mens Rea)**
  આરોપીને ખબર હોવી જોઈએ કે તે મિલકત ચોરાયેલી છે
  **અથવા**
  તેવી પરિસ્થિતિ હોવી જોઈએ કે સામાન્ય માણસને શંકા થાય (reason to believe).

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

- **કબજો ગેરકાયદેસર હોવો જોઈએ**
  આરોપી પાસે તે મિલકત માટે કોઈ કાયદેસર આધાર (બિલ, દસ્તાવેજ, માલિકી પુરાવો) ન હોવો જોઈએ.

**ફરિયાદી તથા સાહેદોની જુબાનીઓઃ**

૯. આ કામમાં રેકર્ડ પરનો ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતા ફરીયાદપક્ષે ફરીયાદપક્ષે આ કામે ફરીયાદપક્ષે આ કામે **આંક:૬ થી ફરીયાદી રણજીતસિંહ મુળુભા ગોહીલ ને** સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદની જુબાની જોતાં તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૯/૦૮/૨૫ ના સવારે તેઓ મીઠોઈ ગામે પોતાના ઘરે હતા તે સમયે તેમના ભાઈના દીકરા ધર્મેન્દ્રસિંહ અને રાહુલે તેમને જણાવેલ કે તેઓ ગઈ રાત્રીના મોટર સાયકલ નં જીજે ૧૦ સીજે ૯૩૪૫ વાળો લઈ નાયરા કંપનીમાં કામ કરવા ગયેલા હતા અને તે મોટરસાયકલ જય મા આશાપુર હોટલ પાસે પાર્ક કરી નોકરીમાં જતા રહેલા હતા, ત્યારબાદ નોકરી પુરી કરી પરત આવ્યા ત્યારે મોટરસાયકલ જોવા મળેલ ન હતું. આજુબાજુ તપાસ કરતા પણ મળી આવેલ ન હતું અને આશરે રૂ. ૩૦,૦૦૦/– કીમતનું તે મોટરસાયકલ કોઈ અજાણ્યો ઇસમ ચોરી કરી લઈ ગયો હોવાનું તેમણે જણાવેલ છે. આ અંગે તેઓએ મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી હતી. તેમને કોર્ટ રેકર્ડમાંથી અસલ ફરીયાદ બતાવવામાં આવતા તેમણે જણાવ્યું કે તેમાં તેમની સહી છે જેને તેઓ ઓળખે છે અને તે અસલ ફરીયાદ દા. આંક. ૭ તરીકે રજૂ થયેલ છે. તેઓએ આગળ જણાવ્યું કે ફરીયાદ આપ્યા બાદ તેમને તેમનું મોટરસાયકલ પરત મળી ગયેલ છે, પરંતુ આ મોટરસાયકલની ચોરી કોણે કરી તેની તેમને આજદિન સુધી કોઈ જાણકારી મળી નથી અને આ કામના આરોપીને તેઓ ઓળખતા નથી. તેમને તેમનું મોટરસાયકલ પરત મળી ગયેલ હોય આ કેસમાં તેમને અન્ય કોઈ સાક્ષી તપાસવા નથી તથા કેસ આગળ ચલાવવો નથી.

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

૯.૧ જયારે બચાવપક્ષ તરફથી આરોપીના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ચોરી કોણે કરેલ તેની તેમને જાત માહિતી નથી.

૧૦. ફરીયાદપક્ષ **આંક:૯ થી સાહેદ આદીત્યભાઈ રામકુભાઈ બાબરીયા ને** સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદની જુબાની જોતાં તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા. ૦૯/૦૯/૨૫ ના રોજ તેઓ તથા એ.એસ.આઇ. એચ.ડી. પરમાર વડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોટી કુકાવાવ ગામે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા અને તે દરમ્યાન ચોકી ત્રણ રસ્તા તરફથી મોટી કુંકાવાવ તરફ રેલ્વે ફાટક પાસે હીરો હોન્ડા મોટરસાયકલ નં જીજે ૧૦ સીજે ૯૩૭૫ વાળું પંચો રૂબરૂ ઉભું રાખી મજકુરને સદરહુ મોટરસાયકલ બાબતે આધાર પુરાવા હોય તો રજૂ કરવા જણાવ્યું હતું, ત્યારે મજકુર ઘનશ્યામભાઈ સવજીભાઈ દુધાત રહે. જંગવડ મુળ જંગવડ રાજકોટ વાળાએ પોતાની પાસે આવા કોઈ આધાર પુરાવા ન હોવાનું જણાવ્યું હતું. જેથી મજકુરની અંગ જડતી પંચો રૂબરૂ કરતાં અલગ અલગ કંપનીના ત્રણ મોબાઈલ ફોન તથા રોકડા રૂ.૫૯૦/- મળ્યા હતા અને રૂપિયા અંગે કોઈ આધાર પુરાવો ન મળતા મજકુર પાસેથી મળી આવેલ મોટરસાયકલ, મોબાઈલ ફોન તથા રોકડા રૂપિયા શક પડતી મિલકત તરીકે એ.એસ.આઇ. એચ.ડી. પરમારનાઓ એ કબજે કર્યા હતા. મજકુર પાસેથી મળી આવેલ મોટરસાયકલની માલિકીની ટેલિફોનિક પૂછપરછ કરતાં સદરહુ મોટરસાયકલ કોઈ અજાણ્યા ઈસમે ચોરી કર્યો હોવાની ફરીયાદ મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવેલ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ તેમણે બી.એન.એસ.એસ.ની કલમ ૩૫(૧)(ઈ) મુજબ વડીયા પોલીસ સ્ટેશનને સોંપેલ અને ત્યાંથી મજકુર ઈસમને આગળની કાર્યવાહી માટે સોંપી દીધેલ હતો તથા આગળની અટક વગેરેની કાર્યવાહી વડીયા પોલીસને સોંપવામાં આવી હતી. આરોપીને જોયેથી તેઓ ઓળખી શકે છે અને હાજર વ્યક્તિ તે જ છે.

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

**૧૦.૧** જયારે બચાવપક્ષ તરફથી આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવામાં ઉલટતપાસમાં એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ પંચો રુબરુ કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી.

**૧૧.** ફરીયાદપક્ષે **આંક:૧૦ થી પંચ સાહેદ મુકેશભાઇ રવજીભાઇ સોરઠીયા તથા આંક–૧૧ થી પંચ સાહેદ કરશનભાઇ કાનજીભાઇ સોરઠીયા**ને સોગંદ ઉપર તપાસેલ છે. આ પંચ સાહેદની જુબાની જોતાં તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તેમની પાસે આશરે ત્રણ–ચાર મહિના પહેલા મોટી કુકાવાવ ખાતે રેલ્વે સ્ટેશન ફાટક પાસે થયેલ પંચનામામાં સહી કરાવેલી હતી અને પંચનામા સમયે બીજા પંચ કરશનભાઈ પણ હાજર હતા. તેમણે જણાવ્યું કે તેમની હાજરીમાં પોલીસે રોકડ રકમ, ત્રણ મોબાઇલ અને એક મોટરસાયકલ કબજે કરેલ હતા. પોલીસે જે વ્યક્તિ પાસેથી મુદામાલ કબજે કરેલ તેનો નામ તેમને ખબર નથી અને જો નામ પૂછવામાં આવ્યું હોય તો ઘણો સમય વીતી ગયેલ હોવાથી તેમણે લખાવેલ છે કે કેમ તેની પણ તેમને ખબર નથી. ઘણો સમય વીતી ગયેલ હોવાથી જે વ્યક્તિ પાસેથી મુદામાલ કબજે કરેલ તેને તેઓ ઓળખી શકે તેમ નથી અને તે વ્યક્તિ હાજર હોય તો પણ તેમને ઓળખી શકે તેમ નથી.

સદર પંચ સાહેદો પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતાં ન હોય, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા (વિરોધી થયેલ સાક્ષી) જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિગતવાર ઉલટતપાસ કરેલ છે અને ઉલટતપાસ દરમયાન પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત આ સાહેદે જણાવેલ નથી.

**૧૨.** આમ, આ કામે રજુ થયેલ ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષ તરફથી અન્ય કોઈ વિશેષ પુરાવો રજુ થતો નથી, આ કામે ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ છે, આ કામે આરોપીઓ અને ફરીયાદી વચ્ચે સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુથી સમાધાન કરેલ છે. આમ, આ કામે રજુ થયેલ ઉપરોકત ફરીયાદીના પુરાવા ઉપરથી આ કામના આરોપીએ બનાવના દિવસે સમયે અને સ્થળે કહેવાતો ગુન્હો કરેલ હોઈ, તે હકીકત નિ:શંકપણે પુરવાર થતો નથી, તેમજ ફરીયાદપક્ષના પુરાવા દરમ્યાન આ કામના આરોપીએ નાયરા મટીરીયલ ગેટ સામે આવેલ જય માં આશાપુરા હોટલ પાસે ફરીયાદીનું કાળા કલરનું હિરો હોન્ડા કંપનીનું સ્પલેન્ડર મોટરસાયકલ રજી નં. જીજે ૧૦ સીજે ૯૩૪૫, કિંમત રૂા. ૩૦૦૦૦/- નુ પડેલ હોય, તે આરોપીએ અપ્રમાણીક ઈરાદાથી ચોરી કરી લઈ ગયેલ હોય તેવો પણ લેશ માત્ર પુરાવો જણાય આવતો નથી. તેથી આ કામના આરોપીને તેમની સામેના ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી, તેમજ આ કામે ફરીયાદપક્ષ તરફથી આ સિવાય અન્ય કોઈ વિશેષ પુરાવો રજુ કરેલ નથી, તેમજ આ કામે ફરીયાદપક્ષ તરફથી અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું ન હોય, તેથી પણ આરોપીઓ સામેનો કોઈ જ ગુન્હો પુરવાર થતો ન હોય, આથી આ કામે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંક પણે પુરવાર કરતા ન હોય, જેથી આરોપીઓ સામેનો કેસ ના સાબીત માની મુદા નં.-'અ' નો નિર્ણય નકારમાં આપી અને મુદા નં.-'બ' ના નિર્ણયમાં નીચે મુજબનો આખર હુકમ કરવામાં આવે છે.

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

**::– આખરી હુકમ –::**

૧) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે આરોપી **ઘનશ્યામભાઈ સવજીભાઈ દુધાત ને** ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૦૩ (૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે જપ્ત કરવામાં આવેલ મુદામાલનો વચગાળાનો જે હુકમ થયેલ છે તે કાયમ રાખવામાં આવે છે.

૩) આરોપીએ રૂપીયા ૫,૦૦૦/– ની રકમનો જાત મુચરકો રજુ કરવો.

આ હુકમ આજ તા. ૨૪ માહે–માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪/૦૩/૨૦૨૬
સ્થળ લાલપુર

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
**CODE NO.GJ01115**

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115